# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 18-06-2025** **MIDDAY: 1.20 TO 1.30**

**Day: WEDNESDAY** **National News**

નમસ્કાર,આકાશવાણી,

OPENING SIGNATURE TUNE

સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

## મુખ્ય સમાચાર

**(મ્યુઝિક અંડરપ્લે)**

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમેરિકાના પ્રમુખને કહ્યું, પાકિસ્તાન સાથેના મુદ્દાઓના ઉકેલ માટે ભારતે ક્યારેય ત્રીજા પક્ષની મધ્યસ્થી સ્વીકારી નથી.

2) પ્રધાનમંત્રી આજે ક્રોએશિયાની ઐતિહાસિક પ્રથમ મુલાકાતે બપોરે જાગરેબ પહોંચશે

3) અમદાવાદ વિમાન દુર્ઘટનાના 190 મૃતકોના DNA મેચ થયા અને 157 પાર્થિવ શરીર સ્વજનોને સોંપાયા.

4) એક્સિઓમ-4 મિશન ફરી એક વાર 22મી જૂન સુધી મુલતવી.

5) ભારતીય જૂનિયર પુરુષ હોકી ટીમ ટૂર્નામેન્ટમાં ભાગ લેવા બેંગ્લુરુથી જર્મની જવા રવાના થઈ

..........................................................................

સમાચારને અંતે

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# REV PM TRUMP CONVERSATION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પને કહ્યું, પાકિસ્તાન સાથેના મુદ્દાઓના ઉકેલ માટે ભારતે ક્યારેય કોઈ ત્રીજા પક્ષની મધ્યસ્થી સ્વીકારી નથી અને ક્યારેય સ્વીકારશે નહીં. શ્રી મોદીએ શ્રી ટ્રમ્પ સાથે ટેલિફોન પર વાતચીત કરી અને તાજેતરના "ઑપરેશન સિંદૂર" અંગે ચર્ચા કરી. વિદેશ સચિવ વિક્રમ મિસરીએ આ અંગે વધુ માહિતી આપી.

## (બાઈટઃ વિક્રમ મિસરી, ઑપરેશન સિંદૂર)

શ્રી મોદીએ સ્પષ્ટપણે કહ્યું, ભારત-અમેરિકા વેપાર સમજૂતી અને ભારત-પાકિસ્તાન વચ્ચે તાજેતરની સૈન્ય કાર્યવાહી રોકવા અમેરિકાની મધ્યસ્થી અંગે ક્યારેય પણ કોઈ સ્તર પર વાતચીત નથી થઈ. પ્રધાનમંત્રીએ કહ્યું, સંઘર્ષ વિરામ રોકવા અંગે ભારત અને પાકિસ્તાન વચ્ચે સીધી જ વાતચીત થઈ હતી. આ વાતચીત પાકિસ્તાનના અનુરોધ પર બંને દેશની સેનાઓ વચ્ચે સ્થાપિત માધ્યમોથી થઈ હતી.

## (બાઈટઃ વિક્રમ મિસરી, વિદેશ સચિવ MIDEASON)

# PM CANADA

ભારત અને કેનેડા એકબીજાની રાજધાનીમાં હાઈ-કમિશનરોને પુનઃસ્થાપિત કરવા સંમત થયા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કનાનાસ્કિસમાં જી-સાત સંમેલન દરમિયાન કેનેડાના પ્રધાનમંત્રી માર્ક કાર્ની સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી. બંને નેતાએ ભારત-કેનેડા સંબંધો પર ભાર મૂક્યો. બંને નેતાએ સાર્થક અને સંતુલિત ભાગીદારીની જરૂરિયાત પર પણ ભાર આપ્યો, જેમાં સંવેદનાઓનું પરસ્પર સન્માન થશે. તેમજ બંને દેશના લોકો વચ્ચે સંબંધ મજબૂત બનશે.

બેઠક અંગે માહિતી આપતી વિદેશ સચિવ વિક્રમ મિસરીએ કહ્યું, બંને દેશ વચ્ચે હાલમાં જ તણાવને જોતા બંને નેતાઓએ સંબંધોને સુદ્રઢ કરવાની ઈચ્છા વ્યક્ત કરી. તેમણે વેપાર, લોકો વચ્ચે સંપર્ક અને જોડાણ અંગે ઉચ્ચ સ્તરનો સંવાદ ફરી શરૂ કરવા પર પણ સંમતિ વ્યક્ત કરી. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું, કે બંને નેતાએ સંબંધોમાં નવી ગતિ લાવવા અને ફરીથી વિશ્વાસ જાળવી રાખવા વિવિધ ક્ષેત્રમાં ટોચના મંત્રી સ્તરની અને અન્ય સ્તર પર ફરી સંવાદ શરૂ કરવા અંગે ચર્ચા કરી.

# DAY PM CROATIA VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ક્રોએશિયાની પ્રથમ ઐતિહાસિક મુલાકાતે બપોરે જાગરેબ પહોંચશે. આ મુલાકાત દ્વિપક્ષીય સંબંધોમાં એક નવો અધ્યાય શરૂ કરશે અને પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો, મુખ્ય ક્ષેત્રોમાં કરારો વ્યૂહાત્મક સહયોગને વધુ ગાઢ બનાવવા મદદરૂપ બનશે.

મુલાકાત દરમિયાન ભારત અને ક્રોએશિયા વચ્ચે વિજ્ઞાન અને ટેકનોલોજી, કૃષિ, શિક્ષણ અને સંસ્કૃતિના ક્ષેત્રો જેવા મુખ્ય કરારો પર હસ્તાક્ષર થશે.

# AMIT SHAH MEETING

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં એક ઉચ્ચ સ્તરીય સમિતિએ પૂર, ભૂસ્ખલન, વાદળ ફાટવાથી થયેલા નુકસાન પછીની પુનર્નિર્માણ યોજના માટે હિમાચલ પ્રદેશને બે હજાર છ કરોડથી વધુની કેન્દ્રીય સહાયને મંજૂરી આપી છે. નાણાંમંત્રી, કૃષિમંત્રી અને નીતિ આયોગના ઉપાધ્યક્ષની બનેલી સમિતિએ રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ ભંડોળ-NDRF હેઠળ પુનઃપ્રાપ્તિ અને પુનર્નિર્માણ ભંડોળ વિંડોમાંથી રાજ્યને નાણાકીય સહાય માટેના પ્રસ્તાવ પર વિચારણા કરી હતી. કેન્દ્ર સરકારે જોશીમઠ ભૂસ્ખલન પછી ઉત્તરાખંડ માટે 1658 કરોડ રૂપિયા અને 2023ના GLOF ઘટના પછી સિક્કિમ માટે 555 કરોડ રૂપિયા પુનઃપ્રાપ્તિની યોજનાઓની મંજૂરી આપી હતી.

આ ઉપરાંત કેન્દ્ર સરકારે શહેરી પૂર માટે 3075.65 કરોડ, ભૂસ્ખલન માટે એક હજાર કરોડ, GLOF માટે 150 કરોડ રૂપિયા, જંગલમાં આગની ઘટનાઓ માટે 818.92 કરોડ, વીજળી માટે 186 કરોડ કરતાં વધુ રૂપિયા અને દુષ્કાળ માટે 2022 કરોડ રૂપિયાથી વધુની સહાયની જાહેરાત કરી હતી. આ વિસ્તારોમાં બહુવિધ જોખમોના સંકટને ઘટાડવા માટે સાત હજાર 253 કરોડ રૂપિયાના કુલ નાણાકીય ખર્ચ સાથે અનેક શમન યોજનાઓને મંજૂરી આપી હતી. નાણાકીય વર્ષ 2024-25 દરમિયાન, કેન્દ્ર સરકારે SDRF હેઠળ 28 રાજ્યોને 20,264.40 કરોડ રૂપિયા અને NDRF હેઠળ 19 રાજ્યોને 5,160.76 કરોડ રૂપિયાની સહાય જાહેર કરી છે. વધુમાં, રાજ્ય આપત્તિ નિવારણ ભંડોળ (SDMF)માંથી 19 રાજ્યોને 4984.25 કરોડ રૂપિયા અને રાષ્ટ્રીય આપત્તિ નિવારણ ભંડોળમાંથી 08 રાજ્યોને 719.72 કરોડ રૂપિયાની સહાય પણ જાહેર કરવામાં આવી છે.

# GOYAL UK VISIT

કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલ આજે બ્રિટનના બે દિવસ પ્રવાસે જવા રવાના થયા છે. આ પ્રવાસ ભારતની બ્રિટન સાથેની આર્થિક અને વ્યાપારિક ભાગીદારીને મજબૂત કરવાના વ્યૂહાત્મક મહત્વને રેખાંકિત કરે છે. તાજેતરમાં જ ભારત અને બ્રિટન વચ્ચે મુક્ત વેપાર સમજૂતી- F.T.A.ની જાહેરાત બાદ આ પ્રવાસનું મહત્વ વધી ગયું છે.

વાણિજ્ય મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે, શ્રી ગોયલ બ્રિટનના વેપાર મંત્રી જોનાથન રેનોલ્ડ્સ સાથે દ્વિપક્ષીય બેઠક કરશે. બંને નેતા FTA વાટાઘાટોમાં થયેલી પ્રગતિની સમીક્ષા  પણ કરશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# DNA MATCHING

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં 190 મૃતકોનાં DNA નમુના મેચ થયા છે. અત્યાર સુધીમાં કુલ 157 પાર્થિવ દેહ પરિવારજનોને સોંપાવામાં આવ્યા હોવાનું સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ ડો.રાકેશ જોશીએ જણાવ્યું હતું.

(બાઇટ- ડો.રાકેશ જોશી, અધિક્ષક, સિવિલ હોસ્પિટલ અમદાવાદ)

પાંચ પરિવારો નજીકના સમયમાં સ્વજનોના પાર્થિવ દેહ સ્વીકારવા આવશે, 10 પરિવારો સાથે હોસ્પિટલ તંત્ર સંપર્કમાં છે, જ્યારે 15 પરિવારો બીજા સ્વજનના DNA મેચની રાહમાં છે તેમજ ત્રણ પરિવારોના ઓળખ પુરાવાની પ્રક્રિયા ચાલી રહી છે..

વિમાન દુર્ઘટનામાં બચનાર વિશ્વાસકુમાર  સંપૂર્ણ સ્વસ્થ થઈ જતાં તેમને રજા આપી દેવાઇ છે. જ્યારે વિશ્વાસકુમારના ભાઈનો મૃતદેહ પણ રાત્રે બે કલાકે પરિવારજનોને સોંપવામાં આવ્યો હતો.

# NAXAL - ANDHRA PRADESH

આંધ્રપ્રદેશના અલ્લૂરી સીતારામ રાજૂ જિલ્લાના કોન્ડામોડાલુ જંગલ વિસ્તારમાં સુરક્ષા દળ અને સશસ્ત્ર માઓવાદીઓ વચ્ચેની અથડામણમાં આજે ત્રણ ટોચના માઓવાદી નેતા ઠાર મરાયા છે. મૃતક માઓવાદીઓની ઓળખ સ્પેશિયલ ઝૉનલ માઓવાદી સમિતિના સભ્ય અને મૃતક માઓવાદી નેતા ચલપતિ રાવનાં પત્ની અરુણા, સેન્ટ્રલ માઓવાદી સમિતિના સભ્ય ગજરલા રવિ અને એઓબી સ્પેશિયલ ઝૉનલ માઓવાદી સમિતિના એસીએમ અંજૂ તરીકે થઈ છે. સુરક્ષા દળોએ ઘટનાસ્થળ પરથી ત્રણ એકે-47 રાઈફલ પણ કબજે કરી છે.

# AXIOM MISSION EARLY

ફરી એક વખત એક્સિઓમ-4 મિશનને મુલતવી રાખવાની ફરજ પડી છે. રશિયન વિભાગમાં તાજેતરના સમારકામ બાદ, નાસા ઓર્બિટલ લેબ પર કામગીરીનું મૂલ્યાંકન કરી શકે તે માટે આ નિર્ણય લેવાયો છે. આ મિશનમાં ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લા પણ અવકાશમાં જશે. એક્સિઓમ સ્પેસ દ્વારા આ જાહેરાત કરવામાં આવી હતી કે આ મિશનને 22મી જૂન સુધી મુલતવી રખાયુ છે.

# UP ACCIDENT

ઉત્તર પ્રદેશના બુલંદશહેર જિલ્લામાં એક કાર પુલ સાથે અથડાઈ અને પલટી આગ લાગતાં કારમાં સવાર પાંચ લોકો જીવતા સળગી ગયા, જ્યારે એક કિશોરની હાલત ગંભીર છે, જેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

કારમાં સવાર લોકો બદાયૂંમાં એક લગ્ન સમારોહમાંથી દિલ્હી પરત ફરી રહ્યા હતા. કારની ગતિ વધુ હોવાને કારણે ડ્રાઇવરે કાબુ ગુમાવ્યો હતો, જેના કારણે ડિવાઇડર સાથે અથડાયા પછી આ અકસ્માત થયો હતો. પોલીસ ઘટનાની તપાસ કરી રહી છે.

# JUNIOR HOCKEY TEAM

ભારતીય જૂનિયર પુરુષ હૉકી ટીમ ચાર દેશ વચ્ચે યોજાનારી ટૂર્નામેન્ટમાં ભાગ લેવા માટે આજે બેંગ્લુરુથી જર્મની જવા રવાના થઈ છે. સુકાની અરિજિત સિંઘ હુંદલની આગેવાનીમાં ટીમ 21 જૂને યજમાન જર્મની સામે રમશે. ભારત 22 જૂને ઑસ્ટ્રેલિયા અને 24 જૂને સ્પેન સામે મૅચ રમશે.

# HARSHIT RANA - INDIA SQUAD

ઇંગ્લેન્ડ સામે લીડ્સમાં રમાનારી પ્રથમ ટેસ્ટ માટે હર્ષિત રાણાને ભારતની ટીમમાં સામેલ કરાયા છે એમ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે જણાવ્યું છે. રાણા ભારત-A ટીમમાં સામેલ હતા. પ્રથમ ટેસ્ટની તૈયારીઓમાં રાણા સામેલ છે. શુબમન ગિલની આગેવાની હેઠળની ટીમ શુક્રવારથી લીડ્સના હેડિંગલેમાં શરૂ થનારી ઇંગ્લેન્ડ સામે પાંચ મેચની ટેસ્ટ શ્રેણી રમવા માટે તૈયાર છે.

# CHESS MUMBAI INTERNATIONAL

મુંબઈ ઇન્ટરનેશનલ ગ્રાન્ડ માસ્ટર ચેસ ટૂર્નામેન્ટની ભવ્ય શરૂઆત થઈ છે. 13 વર્ષના સ્થાનિક ખેલાડી હૃદય મણિયાર અને સ્લોવેક ગ્રાન્ડ માસ્ટર માણિક મિકુલસ વચ્ચેની પહેલા તબક્કાની મેચ બરાબરી પર રહી. અંદાજે 500 પૉઈન્ટ સાથે રેટિંગ તફાવત છતાં હૃદય મણિયારે સારું રમતા પોતાની પ્રારંભિક કારકિર્દીનું સૌથી મોટું પરિણામ હાંસલ કર્યું.

આ ટૂર્નામેન્ટ ગઈકાલે મુંબઈના વર્લ્ડ ટ્રેડ સેન્ટરમાં શરૂ થઈ હતી.